ગ્રાહકફરિયાદનિવારણફોરમ, જુનાગઢ
પશ્ચિમગુજરાતવીજકંપનીલીમીટેડ
સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
ફોનનં. : ૦૨૮૫ –૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : www.pgvcl.com
CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૨૭/ક્વા-૦૨/૨૦૨૨-૨૩ / 523 તા. 21 NOV 2022

<u>રજી.એડી./સ્પીડ પોસ્ટ/કુરિયર મારફત</u>

પ્રતિ,
નારણભાઈ ગોવિંદભાઈ ડાભી
રહે. ગઢકા
તા. કલ્યાણપુર,
જી. :દ્વારકા, પીનકોડ : ૩૬૧૩૨૦ મોબાઈલ : ૯૪૨૭૪૨૦૬૬૦

વિષય : ઘરવપરાશના હેતુસરના વીજ કનેક્શન મળવા અંગે.
સંદર્ભે : નારણભાઈ ગોવિંદભાઈ ડાભી ની રજુઆત તારીખ: ૨૭.૦૭.૨૦૨૨
(અત્રેનાફોરમનીનોંધણીનંબર : ૦૨૭/ક્વા-૦૨/૨૦૨૨-૨૩)

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(ડી.એસ.રાજપાલ)
કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., જુનાગઢ

બિડાણ : ઉપર મુજબ.
નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જામનગર

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, દ્વારકા

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com

CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૭/ક્વા-૦૨/૨૦૨૨-૨૩/ ૬૨૩ તા. 21 NOV 2022

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૨૭/ક્વા-૦૨/૨૦૨૨-૨૩**

અરજદાર: શ્રી નારણભાઈ ગોવિંદભાઈ ડાભી ગામ – ગઢકા,

સબડીવીઝન: કલ્યાણપુર

:: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી, દ્વારકા

:: ફોરમ ::

૧) ચેરપર્સન : શ્રી બી.પી.બુચ

૨) મેમ્બર સ્વતંત્ર : શ્રી એન.એસ.પંડયા

તારીખ: ગુરુવાર (૨૦-૧૦-૨૦૨૨)

### :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, અમો અરજદારની ઘણી જ માન તથા નમ્રતા પૂર્વક અરજ કે અમો અરજદાર ગુજરાત રાજયના દેવભુમી દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના ગઢકા ગામે રહી એ છીએ. અને અમારી ફરીયાદ અરજી ટુંક હકિકત નીચે મુજબ છે.

(૧) અમો અરજદારની સ્વતંત્ર કબજા ભોગવટા અને કુલ માલીકીની ખેતીની જમીન કે જે કલ્યાણપુર તાલુકાના ગઢકા ગામે રે.સ.નં.૨૭૨ (જુના રે.સ.નં.૭૫૭/પૈકીર) વાળી વાવડીયા સીમમાં આવેલ છે. જે ખેતીની જમીનમાં અમોએ અમારા રહેણાંક ના હેતુસરના મકાન બનાવેલ છે જે મકાનમાં અમારે રહેણાંકના હેતુ માટેનું વિજ કનેકશનની જરૂરીયાત હોય જેથી અમોએ આ કામના સામાવાળાની કચેરીમાં તમામ આધાર પુરાવાઓ સાથે અરજી કરેલ અને આ કામના સામાવાળા

નં.૧ ની કચેરીના બુક નં. KPP ૧૨૫૪ રસીદ નં. E ૦૦૧૨૯૫, તારીખ: ૨૩/૦૭/૨૦૦૪ થી રૂા.૪૦/– ભરપાઈ કરેલ ત્યારબાદ આ કામના સામાવાળાની કચેરી માં અનેક વખત રૂબરૂ ધકકા ખાધેલ પરંતુ આ કામના સામાવાળા તરફથી અમારી અરજી અન્વયે કોઈ કાર્યવાહી થયેલ નહીં અને અમોને ફરીથી નવેસરથી અરજી કરવાનું કહેતા અમો અરજદારએ ફરીથી આ કામના સામાવાળાની કચેરીમાં તમામ આધારપુરાવાઓ સાથે અરજી કરેલ જે અન્વયે આ કામના સામાવાળાની કચેરીના બુક નં. ACC ૦૦૭૨૮૩, રસીદ નં. XX ૫૧૩૫૮૩ તારીખ: ૨૧/૦૨/ ૨૦૧૭ થી ભરપાઈ કરેલ છે.જે પહોંચોની નકલ આ સાથે અલગથી દસ્તાવેજી પુરાવાથી રજુ છે.

(૨) અમોએ તારીખ : ૨૧/૦૨/૨૦૧૭ થી આજદીન સુધી સતત આ કામના સામાવાળાની કચેરીમાં સતત વિજ કનેકશન આપવા રૂબરૂ મૌખીક રજુઆત કરેલ અને આ કામના સામાવાળાની કચેરીના અધિકારીઓ અમોને ખોટું આશ્વાસન આપતા કે તમારૂં કામ ચાલુ જ છે અને તમોને જાણ કરવામાં આવશે પરંતુ આજદીન સુધી સ્થળ ઉપર અમારી જમીનએ આવી કોઈ સર્વે કરેલ નથી કે સામાવાળાની કચેરીમાંથી પણ અમોને પત્ર દ્વારા કોઈ જાણ કરવામાં આવેલ નથી.આમ અમારી એક જ ઘરવપરાશના કનેકશન માટે અમોએ બે વાર અરજી કરી અને બે વાર રકમ ભરપાઈ કરેલ હોવા છતાં અમોને વિજ કનેકશન આપવા માં આવેલ નથી કે અમોને કોઈ પ્રત્યુતર કે જવાબ સામાવાળા દ્વારા આપવામાં આવેલ નથી.

(૩) આમ અમારી પ્રથમ અરજીને ૧૮ વર્ષ તથા બીજી અરજી ૬ વર્ષ જેવો સમય વિતી ગયેલ હોવા છતાં આ કામના સામાવાળા દ્વારા અમારા ખેતીની જમીનમાં આવેલ મકાનમાં વિજ કનેકશનની આપવા અન્વયે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.અને અમોએ વખતોવખત આ કામના સામાવાળાની કચેરીમાં મુલાકાત લઈ રજુઆત/ફરીયાદ કરેલ પરંતુ આ કામના સામાવાળાઓ કોઈ ધ્યાન આપતા નથી. અને અમારી રજુઆત ફરીયાદ અન્વયે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

(૪) નિયમ મુજબ નવા વિજ કનેકશનની રકમ ભરપાઈ થયે તુરંત સર્વે કરી અને કવોટેશન આપી નવા વિજ કનેકશન આપવાની કાર્યવાહી કરવાની હોય જેથી સમયમર્યાદામાં કામગીરી ના કરી આપી અને અમોને વારંવાર ધકકા ખવડાવી આર્થિક નુકશાની કરેલ છે અને માનસીક દુઃખ થયેલ છે. અને અમોને પી.જી.વી. સી.એલ.કચેરી–કલ્યાણપુરમાં અનેક વખત ધકકા ખાઈ મૌખીક જાણ/રજુઆત કરેલ કે અમોને ઘરવપરાશના હેતુસરનું વિજ કનેકશન આપો તો પી.જી.વી.સી. એલ.-કલ્યાણપુરના સ્ટાફ કર્મચારી દ્વારા અમોને મૌખીક રીતે જણાવવામાં આવેલ કે હાલમાં અમારે બીજું કામ છે ટાઈમ મળશે ત્યારે તમોને કામ કરી આપશું.

(૫) અમોને સમયમર્યાદામાં ઘરવપરાશના હેતુસરનું વિજ કનેકશનના આપી અને અમારી સામે સામાવાળા ગેરકાયદેસર રીતે અંગત ખારખેદ રાખી અમોને છેલ્લા ૧૮ વર્ષથી વીજ કનેકશન આપતા નથી તે અમોને સમજાતું નથી કે પીજીવીસીએલ દ્વારા અમોને અમારા કોઈ પણ જાતના વાંક કે ગુના વગર આશરે છેલ્લા ૧૮ વર્ષ યેનકેન પ્રકારે હેરાન કરી અને ખોટા વિશ્વાસ અને ખાતરી આપી ખોટા કારણો/બાના બતાવી અમોને નવું ઘરવપરાશના હેતુસરનું વિજ કનેકશન આપતા નથી અને અમારા માંગણી મુજબ કામ કરી આપતા નથી.અને અમોને માનસીક રીતે દુઃખ,ત્રાસ પહોંચાડેલ છે.

(૬) અમો ગામડાના અને અભણ તથા કાયદાથી અજ્ઞાન હોય અમોએ જુલાઈ ૨૦૦૪ માં તથા ફેબ્રુઆરી-૨૦૧૭ માં નવા વિજ કનેકશનની ફી ની રકમ ભરપાઈ કરેલ હોવા છતા અમોને આજદીન સુધી નવું વિજ કનેકશન ફીટ કરી આપવામાં આવેલ નથી.

(૭) વાસ્તે આ ફરીયાદ અરજી લાવી દાદ માંગવાની કે,

(એ) પી.જી.વી.સી.એલ.કચેરી-કલ્યાણપુર તાત્કાલીક ધોરણે અમોને અમારી માલીકીની જમીનમાં આવેલ રહેણાંકના મકાનમાં ઘરવપરાશના હેતુસરનું વિજ કનેકશન ફીટ કરી આપે.

(બી) પી.જી.વી.સી.એલ.કચેરી–કલ્યાણપુર અમોને ખોટી રીતે હેરાન, પરેશાન કરી કયાં કારણોસર અમોને અમારી માલીકીની જમીનમાં આવેલ રહેણાંક ના મકાનમાં ઘરવપરાશના હેતુસરનું વિજ કનેકશન ફીટ કરી આપવામાં આવેલ નથી તે અંગેનો લેખીત ખુલાસો અપાવવો.

(સી) અમોને હેરાન કરવા બદલ તથા સમયમર્યાદામાં વિજ કનેકશન ફીટ કરી આપેલ ના હોય જેથી મને માનસીક,આર્થીક નુકશાન બદલ અમોને મળવા પાત્ર વળતર પી.જી.વી.સી.એલ.કચેરી-કલ્યાણપુર ભરપાઈ કરી આપે.

(ડી) અમોને સમયમર્યાદામાં વિજ કનેકશન ફીટ કરી આપેલ ના હોય જેથી પી.જી.વી.સી.એલ.કચેરી-કલ્યાણપુરના જવાબદાર કર્મચારી વિરૂધ્ધ કાયદેસરની ખાતકીય કડક કાર્યવાહી કરવી તેમજ અન્ય કામગીરીનું નીરીક્ષણ કરી વધારાના પગલા ભરવા અંગે.

(ઈ) તેમજ ન્યાયનું વિશાળ હિત જળવાઈ રહે તે માટે મળવાપાત્ર તમામ દાદ આપવી.

(૮) આ ફરીયાદ અરજી સાથે જરૂરી આધારપુરાવાઓ,ડોકયુમેન્ટસ લીસ્ટ રજુ, સરનામા યાદી છે. જરૂરીયાત ઉપસ્થિત થયે વધારે પુરાવા રજુ કરવાનો હકક અબાદીત રાખીએ છીએ. આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ સદર અરજદાર દ્વારા અગાઉ ઘર વપરાશ ના વીજ જોડાણ માટે માંગણી કરેલ હતી ત્યારે કલ્યાણપુર પેટા વિભાગીય કચેરી નું અસતીત્વ ન હતું. અને ગઢકા ગામનો સમાવેશ ભાટિયા પેટા વિભાગીય કચેરી માં થતો હતો કોઈપણ કારણોસર સદર વીજ જોડાણ ન મળેલ તેથી અરજદાર શ્રી દ્વારા ફોરમ માં અરજી કરેલ અને આ કનેક્શન તા. ૩૦.૦૮.૨૨ ના રોજ રીલીઝ કરવામાં આવેલ છે. જેથી ગ્રાહક ની ફરિયાદ નું સુખદ નિરાકરણ થતાં તેમણે સમાધાન પત્રક માં તા. ૨૦.૧૦.૨૨ ના રોજ સહી કરી આપેલ છે.

૨.૧ જેથી ગ્રાહક ને તેની ફરિયાદ નો સંતોષકારક રીતે સમાધાન થતાં તેમણે ફરિયાદ પરત ખેચેલ છે. અને તા. ૨૦.૧૦.૨૦૨૨ ના રોજ સમાધાન પત્રક માં સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

૩.૦ અરજદારશ્રીની રજૂઆત અન્વયે પેરા નં ૧.૦ અન્વયે પેરા નં. ૨.૧ મુજબ પીજીવીસીએલ કંપની ની કલ્યાણપુર પેટા વિભાગીય કચેરી દ્વારા ફરીયાદનું નિરાકરણ થતા પીજીવીસીએલ દ્વારકા વિભાગીય

કચેરી દ્વારા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા. ૨૦.૧૦.૨૨ થી રજુ કરેલ હોય ફોરમ કક્ષાએથી આ અરજી દફતરે કરવાનો નિર્ણય લીધેલ છે.

૩.૧ આમ ફોરમ દ્વારા અરજદારશ્રી ની કંપની ફરિયાદ અન્વયે કઈ કરવાનું રહેતું ન હોય અરજદારશ્રી ની સદર ફરીયાદ દફતરે કરવામાં આવે છે.

૩.૨ આ સાથે અરજદારશ્રી ની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |